RAN-2408000604040001

# RAN-2408000604040001

## S.Y.B.Com. (Sem. IV) Examination October - 2025

## AEC - Gujarati Proficiency and Life Skills - 4

**Time: 2 Hour ]** **[ Total Marks: 25**

**સૂચના : / Instructions**

(1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fill up strictly the above details on your answer book

Seat No.:

Student's Signature

**પ્ર-1. નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (કોઈ પણ પાંચ)** **10**

1) અનુસ્વાર એટલે શું?
2) અનુસ્વાર ક્યા ચિહ્ન દ્વારા દર્શાવાય છે?
3) ક્રિયાપદની વ્યાખ્યા આપો.
4) અકર્મક ક્રિયાપદ ઉદાહરણ સહીત સમજાવો.
5) સકર્મક ક્રિયાપદ કોને કહેવાય?
6) સંક્ષેપલેખન એટલે શું?
7) સંક્ષેપલેખન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બે બાબતો જણાવો.

**પ્ર-2. અ) ટૂંકનોંધ લખો. (ગમે તે એક)** **05**

1) અનુસ્વારના કોઈપણ ત્રણ નિયમો
2) અનુસ્વાર પ્રકારો

**બ) ટૂંકનોંધ લખો. (ગમે તે એક)** **05**

1) ક્રિયાપદના ભેદ
2) ક્રિયાપદના કોઈપણ ત્રણ પ્રકારો

**ક) નીચે આપેલ ફકરાનો એક-તૃતીયાંશ ભાગમાં સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો.** **05**

વ્યક્તિ માટે શું કે સમાજ માટે શું, જીવનના ત્રણ પ્રકાર છેઃ બીજાને મારીને જીવવું એ પ્રકાર સર્વત્ર છે જ. આને જ જીવનકલહ કહે છે. આ પ્રકારથી જીવન ટકે છે અથવા બહુ બહુ તો વિસ્તાર પામે છે, એટલો જ એમાં લાભ છે. પણ એમાં જીવન સાફલ્ય નથી. બીજો પ્રકાર તે પરસ્પર સહકારનો છે. દરેક જાતિ, રાષ્ટ્ર કે ધર્મ પોતાની વિશેષતાને કારણે જ એકાંગી હોય છે. એકબીજાના સહકારથી એ એકાંગીપણું મટી જાય છે. અને તેથી જીવનનો વિકાસ થાય છે. આમાં જીવનનો ઉત્કર્ષ છે, પણ એમાં જીવનની સર્વોચ્ચ સાર્થકતા નથી દેખાતી. જીવન પણ અંતે આત્મસાક્ષાત્કારનું સાધન જ છે. એ સાર્થક્ય ધ્યાનમાં આવ્યા પછી પણ સ્વાર્પણ માટે જીવવું એ મનુષ્ય હૃદયને સ્ફૂરે છે. આ સ્વાર્પણ દ્વારા જે જીવન લાધે છે તે કંઈક જુદું જ છે. એ મારફતે જ જીવનનો પરમ ઉદ્દેશ સમજાય છે અને સફળ બને છે.

(કાકા કાલેલકર)

**અથવા**

''એક અરીસા ઉપર જો કચરો અને ધૂળ જામી ગયાં હોય તો આપણું પ્રતિબિંબ જોઈ શકાતું નથી; તે જ રીતે અજ્ઞાન અને દુષ્ટતા આપણા હૃદયના અરીસા ઉપર કચરા અને ધૂળ સમાન છે. જેમાં આપણે આપણી જાતનો જ સૌથી પ્રથમ વિચાર કરીએ છીએ તે સ્વાર્થીપણું એ મોટામાં મોટું પાપ છે. જે એમ વિચારે છે કે 'હું પહેલો ખાઈ લઈશ, હું બીજાઓ કરતાં વધુ ધન મેળવીશ અને બધું મારી પાસે જ રાખીશ' - તે મનુષ્ય સ્વાર્થી છે. ની : સ્વાર્થ મનુષ્ય કહે છે : 'હું છેલ્લો રહીશ; હું સ્વર્ગમાં જવાની દરકાર રાખતો નથી; વળી જો નરકે જવાથી પણ મારા ભાઈઓને મદદરૂપ થઈ શકું તો હું નરકે જવા પણ તૈયાર છું. આ નિઃસ્વાર્થવૃત્તિ ધર્મની કસોટી છે.''

(સ્વામી વિવેકાનંદ)